GJNV020128032025

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ આવ્યા તારીખ | : ૨૦/૧૧/૨૦૨૫ |
| કેસ દાખલ તારીખ | : ૨૦/૧૧/૨૦૨૫ |
| કેસ નિકાલ તારીખ | : ૦૮/૦૬/૨૦૨૬ |
| સમય અવધિ | : વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૫ ૧૨ |

નામદાર સુપ્રિમ કોર્ટના *SUO MOTO WRIT (CRL) NO.(S) 1/2017* તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર *VI* ના *179-A* અન્વયેના નોટીફીકેશન નં.સી. –૨૦૦૧–૯૩, તારીખ :૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

***FORM-A*** **આંક–૧૬.**

| **ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, તા.જી.નવસારીના ન્યાયાલયમાં<br>શ્રી બી. કે. શાહ – ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.** | |
|---|---|
| એફ.આઈ.આર.ની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
| પોલીસ સ્ટેશન | જલાલપોર પોલીસ સ્ટેશન |
| ગુનો | બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૬૨ , ૫૪ મુજબ |
| તહોમતનામા મુજબ | બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૬૨ , ૫૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી સોનલબેન દરજી |
| આરોપી/આરોપીઓ | **(૧) આતુભાઈ ઉર્ફે અમતુભાઈ ઉર્ફે અમથુભાઈ ટપુભાઈ મકવાણા (પટેલીયા)**<br>ઉ.વ.–૫૫, ધંધો–વેપાર,<br>રહે– પાલીણતાણા ભીલવાસ, જમાયપરા, ગરાજીય રોડ, તા.પાલીતાણા,જી.ભાવનગર.<br>**(૨) ભાવેશ ઉર્ફે ભાવુ છનાભાઈ ચુડાસમા,**<br>ઉ.વ.–૪૦, ધંધો–વેપાર,<br>રહે–કુકડગામ, ખોડીયારગનર, ઘોઘા, જી.ભાવનગર. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી એ.જે.ટેલર |

## ***FORM-B***

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨/૦૯/૨૦૨૫ |
| ફરીયાદની તારીખ | ૧૨/૦૯/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૦/૧૧/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરુ થયા તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદો સંક્ષિપ્તમા રાખ્યા તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| સજા ના હુકમની તારીખ જો હોય તો, | ------ |

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધડપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે | શું નિર્દોષ છોડેલ છે કે સજા કરેલ છે? | સજાની વિગત | સીઆરપીસી કલમ - ૪૨૮ ના હેતુ માટે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેદમાં રહેલ હોય તેનો સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આતુ ભાઈ ઉર્ફે અમતુ ભાઈ ઉર્ફે અમથુ ભાઈ ટપુભાઈ મકવાણા (પટેલીયા) | ૬/૧૦/૨૫ | ૧૮/૧૦/૨૫ | બી.એન.એસ.ની કલમ-૩૦૫(એ),૩૩૧(૪), ૬૨, ૫૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨ | ભાવેશ ઉર્ફે ભાવુ છનાભાઈ ચુડાસમા | ૬/૧૦/૨૫ | ૧૮/૧૦/૨૫ | | નિર્દોષ | -- | -- |

## ***FORM-C***

### (એ) ફરીયાદપક્ષ તરફે

## –:: <u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u> ::–

| અ.નં | વિગત | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | બીપીભાઈ ભાણાભાઈ પટેલની જુબાની | ફરીયાદી | ૦૭ |

## (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ હોય તો,

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## –:: <u>ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u> ::–

| અ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | એફ.આઈ.આર. | ૦૮ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૦૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૦૪ | આરોપીઓનું અટક પંચાનામું | ૧૧ |
| ૦૫ | મુદ્દામાલ ઓળખ પંચનામું | ૧૨ |
| ૦૬ | ડીસ્કવરી પંચનામું | ૧૩ |

## <u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u> :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## <u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u> :–

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

## –:: મુદ્દામાલની વિગત ::–

| અ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | મોબાઈલ નંગ–૧ કિ.રૂા.૩,૦૦૦/–, ચલણી નોટો રૂા. ૧૩,૫૦૦/–, સોનાની કંઠી નંગ–૧, મંગળ સૂત્ર–૧, સોનાની બંગડી નંગ–૨, સોનાનો સેટ–૧, સોનાની ચેઈન–૪, સોનાનું લુઝ–૧, સોનાનુ પેન્ડલ–૧ , સોનાની વીટી –૨, ડોકીયુ–૧, કોથળી નંગ–૪, મો.સા.–૧. |

## –:: <u>ચુકાદો</u> ::–

**૦૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓ એ એકબીજાની મદદગારી કરી, ફરીયાદીના મકાનના પાછળના એક દરવાજા ના જાળીમાં હાથ નાંખી અડાગરો ખોલી મુખ્ય દરવાજામા કોઈ સાધન વડે કાણું પાડી અડાગરો ખોલી ગેરકાયદેસર ગુહ અપપ્રવેશ કરી ફરીયાદીના ઘરમાં મુકેલ લોખંડના કબાટના લોકને બેડની શોકેસમાથી ચાવી કાઢી તે ચાવી વડે કબાટ ખોલી કબાટમા મુકેલ સોનાના દાગીના જેની આશરે કિ. રૂા.૯૯,૯૦૦/– તથા બીજા પ્લાયવુડના કબાટમા ડ્રોઅરમા રોકડા રૂા. ૧૩,૫૦૦/– મળી કુલ રૂા. ૧,૧૩,૪૦૦/– ની ચોરી કરી ગુન્હો કરેલ. તેમજ ફરીયાદીના ઘરથી થોડે દુર જયંવતીબેન પટેલનાઓના ઘરમાં ચોરી કરવાની કોશીસ કરી, તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરેલ તે મતબલની ફરિયાદ જલાલપોર પો.સ્ટે. નોંધાયેલ છે.

**૦૨.** હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અન્વયે જલાલપોર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજી.નં.૧૧૮૨૨૦૧૫૨૫૦૬૪/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૬૨,૫૪ મુજબની ફરિયાદ નોધાતા બનાવની આગળની તપાસ તપાસ કરનાર અધિકારીએ સંભાળી લઈ

બનાવ બાબતે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાય આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૦૩.** હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ નામ.અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭/બી.એન.એસ.એસની કલમ–૨૩૦ અન્વયે હાજર આરોપીઓને પોલીસ તપાસના કાગળોની પુરતી નકલો સોંપ્યાની ખાતરી કર્યા બાદ **આંક–૦૩** થી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટમાં દર્શાવેલ કલમો અંગેના ગુનાનું તહોમતનામું ફરમાવી **આંક–૦૪ અને આંક–૫ થી આરોપીઓની પ્લી** યાને કે નિવેદન નોંધતા આરોપી ઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ, અત્રેની અદાલત દ્વારા ફરિયાદીપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ. વધુમાં,

**નામદાર સુપ્રીમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, પાન નં. ૮૫**
**સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન**

ના ચુકાદામાં જણાવેલ રેશીયો ધ્યાને લેતા, *"જ્યારે વધુ પુરાવો લેવાથી કોર્ટ કન્વીકશન ના અભીપ્રાય સુધી પહોચી શકે તેમ ન હોઈ, તો કોર્ટનો કિંમતી સમય ફક્ત પ્રોસીજર પુર્ણ કરવાના ઈરાદે વેડફવો ન જોઈએ."*

જે ધ્યાને લઈ, હાલના કેસમાં બાકી રહેલ સાહેદોને તપાસવાથી અદાલતના આખરી મનોમંથન–નિષ્કર્ષમાં કોઈ ફેરફાર થવાનો કોઈ અવકાશ ન રહેતો નથી.

**વધુમાં, સંસ્કૃતનો એક શ્લોક વંચાણે લેતા,**

**व्यथा व्रूष्टि समुद्रेषु, व्यथा त्रुप्तेषु भोजनम् |**
**व्यथा दानं धनाढ्येषु, व्यथा दीपो दिवाऽपि च ||**

**Means :**

"Rain over an ocean is meaningless, meaningless is feeding a well fed person, charity to a rich person is meaningless, meaningless is lighting a lamp in the daylight."

Hence, if the court not reach on conviction, after concluding entire proofs on record, to examine all witnesses mentioned in Charge–Sheet is MEANINGLESS.

વધુમાં લો તથા લેક્સીકન ના મેક્સીમ ***"Boni Judicis est fudicium sine delatione mandare executioni"*** *( It is the duty of "GOOD JUDGE" to order judgment to be executed without delay)* તથા ***"Ponderantur testes, non numerantur"*** *( Witnesses are "weighed", not "counted")* નો અર્થસાર ધ્યાને લઈ, વિના વિલંબે ચુકાદો જાહેર કરવાની એક "સારા ન્યાયાધિશ" ની જવાબદારી હોઈ, સદર ઉપરોક્ત કારણો ધ્યાને લઈ, ન્યાયના વિશાળ હિતમાં ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ ફરમાવવામાં આવેલ.

**૦૪.** ફરિયાદપક્ષ તર્ફે અન્ય વધુ કોઈ પુરાવા રજૂ ન કરાતા વિ.સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીને માન આપી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરી ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩/બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ. તેમા તેઓએ નિર્દોષ હોવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સોગંદ ઉપરની જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાક્ષીઓ પણ તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ.

**ફરિયાદપક્ષની દલીલો :–**

**૦૫.** વિ. સરકારી વકીલશ્રીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આ

ફરિયાદીની જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીઓને યોગ્ય તે સજા કરવા અરજ ગુજારેલ છે.

**બચાવપક્ષની દલીલો :–**

**૦૬.** બચાવપક્ષના વિ.વકીલશ્રીએ તેમની મૌખિક દલીલોમાં રજૂઆત કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદ, જુબાની તથા પુરાવા ધ્યાને લેતા આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૦૭.** આમ, હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજૂ પુરાવા તેમજ ઉભય પક્ષ તર્ફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રે ની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ એકબીજાની મદદગારી કરી, ફરીયાદીના મકાનના પાછળના એક દરવાજા ના જાળીમાં હાથ નાંખી અડાગરો ખોલી મુખ્ય દરવાજામા કોઈ સાધન વડે કાણું પાડી અડાગરો ખોલી ગેરકાયદેસર ગુહ અપપ્રવેશ કરી ફરીયાદીના ઘરમાં મુકેલ લોખંડના કબાટના લોકને બેડની શોકેસમાથી ચાવી કાઢી તે ચાવી વડે કબાટ ખોલી કબાટમા મુકેલ સોનાના દાગીના જેની આશરે કિ. રૂા.૯૯,૯૦૦/– તથા બીજા પ્લાયવુડના કબાટમા ડ્રોઅરમા રોકડા રૂા.૧૩,૫૦૦/– મળી કુલ રૂા.૧,૧૩,૪૦૦/– ની ચોરી કરી ગુન્હો કરેલ. તેમજ ફરીયાદીના ઘરથી થોડે દુર જયંવતીબેન પટેલનાઓના ઘરમાં ચોરી કરવાની કોશીસ કરી, તપાસ દરમ્યાન પકડાઈ જઈ, બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧(૪),૬૨,૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૦૮.** ઉપરોકત મુદ્દાના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. **નકારમાં**

૨. આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ અને ૨ :–**

**૦૯.** સદર કેસનો નિર્ણય કરતાં પહેલા ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા તપાસેલા સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય તેની ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૦.** ફરીયાદપક્ષે **આંક–૭ થી ફરીયાદી બીપીનભાઈ ભાણાભાઈ પટેલ** ને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તારીખ ૧૧/૦૯/૨૦૨૫ ના રોજ હું તથા મારી પત્ની તથા મારી દીકરી ઘરે હાજર હતા. ત્યારે રાત્રીના સમયે જમી પરવારીને સુઈ ગયેલા. ત્યારબાદ સવાર ના મળસકે સવારે ૬ વાગ્યે મારી પત્નીએ મને જગાડીને કહેલ કે, આપડી ઘરે ચોરી થયેલ છે. તે બાબતની જાણ કરતા હું અમારા નીચેના ઘરે જઈને જોતા પલંગ ઉપર સરસામાન વેરવિખેર હાલતમા જોવા મળેલ અને દરવાજા ખુલ્લી હાલતમાં હતા. જેથી મને શંકા જોતા મેં કબાટ ખોલીને જોતા તેમાથી સોનાની કંઠી, પેંડલ, બંગડી, ગળાનો સેટ, નાના છોકરાની ચાર ચેન અને સોનાનું લુઝ, સોનાનું પેંડલ, બે સોનાની વીટી, એક સોનાનું ડોકીયું તથા કબાટમાં મુકેલા રોકડા રૂા.૧૩,૫૦૦/– એમ કુલ્લે મળીને ૧,૧૩,૪૦૦/– મળી કોઈ ઈસમ ચોરી કરી લઈ ગયેલા હોવાનું જાણવા મળેલ. જેથી મેં અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. ચોરી કોણે કરેલી તે હું જાણતો નથી. મને ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવું છું, જેને રજુ દાખલ આંક–૮ આપવામાં આવે છે. ઉપરોકત

તમામ મુદ્દામાલ જણાવેલ સોનાના દાગીનાઓ અને મારા લગ્ન સમયે એટલે કે, ૨૭ વર્ષ પહેલા મળેલ ભેટ સોગાદો મળેલ હોય જેના કોઈ બીલો મારી પાસે ન હોઈ મેં બીલ રજુ કરેલ નથી.

આરોપી તરફે કરવામાં આવેલી **ઉલટતપાસમાં** તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે,સદર કામે મારી ઘરે જે ચોરી થયેલી તે કોણે કરેલી તે મને ખબર નથી અને હું કોઈ ચોરી કરનાર ઈસમને પણ ઓળખતો નથી કે તેઓને મેં કયારેય પણ જોયેલ નથી.

**–:: <u>પુરાવાનું મૂલ્યાંકન અને વિશ્લેષણ</u> ::–**

**૧૧.** આ કામે રજૂ થયેલ રેકર્ડ પરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખી, તેમજ નીચે વર્ણવેલ નામદાર એપેક્ષ અદાલતના ચુકાદાનો સાર વંચાણે લેતા,

**<u>Naasir Sikandar Shaikh V/s State of Maharastra</u>**

**<u>2005 Cr.L.J. Pg. No. 2621</u>**

> ઉપરોક્ત વર્ણવેલલ એપેક્ષ અદાલતના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુન્હાની તમામ હકિકતો ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. અને જો ફરિયાદપક્ષ કોઈપણ હકિકત પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તે ગુન્હામાં આરોપીને સજા થઈ શકે નહિ. (આરોપીને પુરાવામાં રહેલ ક્ષતિનો લાભ મળી શકે)

આમ, રેકર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન કરવામા આવે આ કામે આંક–૭ થી ફરીયાદીને તપાસવામા આવેલા છે, જેઓએ તેમની સરતપાસમાં તેમની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે સાથે સાથે જણાવેલ છે કે, ચોરીમાં ગયેલ દાગીનાઓ તેમના લગ્ન સમયે એટલે કે ૨૭વર્ષ પહેલા મળેલ ભેટ સોગાદો હોય જેના કોઈ બીલ તેમની પાસે નથી. આરોપી તરફે કરવામાં

આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સદર કામે મારી ઘરે જે ચોરી થયેલી તે કોણે કરેલી તે મને ખબર નથી અને હું કોઈ ચોરી કરનાર ઈસમને ઓળખતો નથી કે મે તેઓને કયારેય પણ જોયેલ નથી. આ, ફરીયાદીની જુબાનીથી એટલી હકીકત રેકર્ડ પર આવે છે કે, તેમના ઘરે ચોરી નો બનાવ બનેલ, પરંતુ તેઓએ કોઈ ચોર ઈસમને જોયેલ હોય અથવા તો કોઈ ચોર ઈસમને ઓળખતા હોય તેમ નથી,જેથી હાલના બનાવમાં હાલના આરોપી ઓની જ સંડોવણી હોય તેમ જણાય આવતુ નથી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૫ થી કલોઝીગ પુરશીસ આપી જણાવેલ છે કે, ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવા માગતા નથી કે, અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા નથી. જેથી રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓને સાંકળતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓ તરફેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ ન હોય,જેથી **મુદ્દા નં.૧ નો નિર્ણય ''નકાર''** માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

**૦૧.** આ કામના આરોપી **(૧) આતુભાઈ ઉર્ફે અમતુભાઈ ઉર્ફે અમથુભાઈ ટપુભાઈ મકવાણા (પટેલીયા),** રહે–પાલીણતાણા ભીલવાસ, જમાયપરા, ગરાજીય રોડ, તા.પાલીતાણા,જી.ભાવનગર.**(ર) ભાવેશ ઉર્ફે ભાવુ છનાભાઈ ચુડાસમા,** રહે–કુકડગામ, ખોડીયારગનર, ઘોઘા, જી.ભાવનગર નાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧)/બી.એન.એસ.એસ.ની કલમ–ર૭૧(૧)** મુજબ તેમની સામેના બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧ (૪),૬ર , ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ **શંકાનો લાભ આપી નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ સોનાના દાગીના તથા રોકડ રકમ ફરીયાદીને પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

**૦૩.** સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ તથા મોટર સાયકલ ની માલીકીની ખરાઈ કરી પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય બિન–કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૪.** આ કામના પ્રત્યેક આરોપીઓએ અપીલ સમયગાળા દરમ્યાન માટે ક્રિ. પ્રો.કોડ કલમ–૪૩૭(એ)/બી.એન.એસ.એસ.નીકલમ–૪૮૧ ની જોગવાઈ અનુસાર **રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર)** પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા કરી આપવા.

હુકમ આજરોજ **તા:૦૮મી,માહે–જુન,સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
સ્થળ: નવસારી.

**સહી/–**
**(ભાવેશ કૌશિકકુમાર શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01477

(માતુરકર એચ.એન. : ગુજ સ્ટેનો)

નામદાર સર્વોચ્ચ અદાલતના MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) VERSUS STATE OF GUJARAT CRIMINAL APPEAL NO(S). 2973 OF 2023 ચુકાદામાં નિર્દેશિત ટેબ્યુલેટેડ ચાર્ટસ નીચે મુજબ છે.

## Witnesses Examined

**(A) Prosecution Witness**

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૦૧ | બીપીભાઈ ભાણાભાઈ પટેલની જુબાની | ફરીયાદી |

**(B) Defence Witness : Nil**

**(C) Court Witness : Nil**

## Exhibited Documents

**(A) Prosecution Exhibit**

| Exhibit No | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| ૦૮ | એફ.આઈ.આર. | **PW-7** |
| ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | --- |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | --- |
| ૧૧ | આરોપીઓનું અટક પંચાનામું | --- |
| ૧૨ | મુદ્દામાલ ઓળખ પંચનામું | --- |
| ૧૩ | ડીસ્કવરી પંચનામું | --- |

**(B) Defence Exhibit : Nil**

**(C) Court Exhibit : Nil**

## Material Object/ Muddamals

| Exhibit No | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| --- | ---- | ---- |

તારીખ : ૦૮/૦૬/૨૦૨૬
સ્થળ: નવસારી.

**સહી/-**
**(ભાવેશ કૌશિકકુમાર શાહ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01477